# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૩/૫/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# 'સુરત ટેક્ષટાઇલ ઉદ્યોગનું ભવિષ્ય' વિશે ચેમ્બરમાં નિષ્ણાતો સાથે પેનલ ડિસ્કશન યોજાઇ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા ગુરૂવારે, તા. ૨ મે ૨૦૧૯ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ નાનપુરા સુરત ખાતે 'ફ્યુચર ઓફ સુરત ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રી' વિષય ઉપર પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતાઓ તરીકે પેરામાઉન્ટ લૂમ્સના શ્રી સાહિલ મુલતાનીએ 'શટલલેસ વિવિંગ' વિશે, ફેશન ડિઝાઇનર શ્રી મનિષ રેશમવાલાએ 'સુરતના ફેબ્રિકસમાંથી બનેલા ગારમેન્ટ્સ સાથે લેટેસ્ટ ફેશન' વિશે અને લુથરા ગૃપ ઓફ કંપનીઝના શ્રી ગિરીશચંદ્ર લુથરાએ 'સુરત ટેક્ષટાઇલ ઉદ્યોગના એકંદરે વિકાસ' વિશે માહિતી આપી હતી.

ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે, કાપડ ઉદ્યોગના વિકાસ માટે વેલ્યુ એડીશન ખૂબ જ જરૂરી છે. આજની પેનલ ડિસ્કશનમાં જે નોલેજ મળશે એ કાપડ ઉદ્યોગના સારા ભવિષ્ય માટે ઉપયોગી થશે.

ચેમ્બરના વાઇસ પ્રેસિડેન્ટ ઇલેકટ શ્રી દિનેશ નાવડિયાએ જણાવ્યુ હતુ કે, સુરતમાં ઘણુ પોટેન્શીયલ છે પણ કોપીને સાઇડમાં મુકીને નેચરલી ડિઝાઇન કરવી પડશે. આધુનિકીકરણ પણ જરૂરી છે.

જીએફઆરઆરસીના ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ જણાવ્યુ હતુ કે, સુરતની ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રી બ્રાન્ડ બને અને વિશ્વસ્તરે નામના કેળવે તે માટે વિવિધ સેમિનારો અને પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવે છે. આ સેમિનારોના માધ્યમથી એક્ષ્પોર્ટ વધારવા માટેની ક્ષતિઓ શોધવાનો પ્રયાસ પણ કરીએ છીએ.

શ્રી ગિરીશ લુથરાએ ઇન્ટરનેશનલ માર્કેટના ચેલેન્જીસ વિશે સમજણ આપી હતી. તેમણે કહયુ હતુ કે સુરતની ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી પાસે ફોરકાસ્ટ નથી. બસ માલ બનાવીને પ્રોડકટને માર્કેટમાં વેચવા નીકળીએ છીએ. પણ વિશ્વમાં આવુ નથી થતુ. ત્યાં તો માલ બનતા પહેલા વેચાઇ જાય છે. આપણે ત્યાં માર્કેટ રિસર્ચ મિસીગ છે. સુરતમાં ઘણી તક છે. રેડીમેડ ગારમેન્ટ બનાવીને એક્ષ્પોર્ટ કરી શકીએ. એના માટે સરકારની ઘણી સારી પોલિસી પણ આવી છે. સુરતમાં ગારમેન્ટીગ પાર્ક કરવાનું પ્લાન વિચારીએ છીએ.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે ચાલુ લૂમ્સ દસ ટકા ગતિએ ઘટી જશે. હાઇટેક વોટરજેટ અને રેપીયર જેવી ઓટોલુમ પંદર ટકા વધશે. શોર્ટેજ બાદ માલ માટે ફરી લૂમ આવશે. પાંચ વર્ષની સાયકલ જ હોય છે. પહેલાં વિવિંગ માટે અને ત્યારબાદ પ્રોસેસિંગને પાંચ વર્ષ મળે છે. લોકોની એવરેજ ઈન્કમ વધશે તો કપડાનું કન્ઝમ્પ્શન પણ વધશે. સુરતની કમજોરી વિશે તેમણે કહયુ હતુ કે, સુરતમાં ઇનોવેશનની કમતરતા છે. આપણે અધુરા ઇનોવેટર છીએ. સુરતમાં સૌથી મોટો ઇશ્યુ એ છે કે આપણે એસએમઇ છીએ.

શ્રી લુથરાએ વધુમાં કહયુ હતુ કે માર્કેટીગ મેનેજમેન્ટ, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, ડિઝાઇનીગ અને હયુમન રિસર્ચ મેનેજમેન્ટ જોઇએ. આની ૫૦ ટકા કેપેસીટી હોવી જોઇએ, જે સુરતમાં ૫ ટકા છે. વિવર, પ્રોસેસર્સ અને ટ્રેડર છેલ્લાં બે વર્ષથી મુશ્કેલીમાં છે. કારણ કે તેઓ છુટાછવાયા કામ કરે છે. આપણે ગૃપમાં કામ કરવા માટે ટેવાયેલા નથી. લાંબા રન માટે સાથે મળીને કામ કરવુ પડશે. ડકલીગ થીયરી ઉપર કામ કરવુ પડશે. પંદરથી વીસ જણાં એક પ્લેટફોર્મ ઉપર કામ કરશે તો ઉદ્ધાર થઇ શકશે.

શ્રી સાહિલ મુલતાનીએ શટલલેસ વિવિંગ વિશે માહિતી આપતા જણાવ્યુ હતુ કે, વિવિંગમાં પહેલા સેગ્મેન્ટ કલીયર કરવુ પડશે. વિવરને કોટનમાં જવુ છે કે ગ્રે ફેબ્રિક કે સિન્થેટીકમાં તે પહેલા નકકી કરવુ પડશે અને ત્યારબાદ જ મશીન લાવવા પડશે. આપણે ત્યાં એફિશીયન્સી વધારવી પડશે, વેસ્ટેજ ઓછો કરવો પડશે અને એફર્ટ વધારવી પડશે. સુરતના કાપડને વિદેશમાં એક્ષ્પોર્ટ કરવાની ભાવનાથી કાપડ બનાવવુ પડશે. નવા આંત્રપ્રિન્યોર્સ પ્રોપર પ્લાનીગ કરીને મશીન નાંખશે તો જ સફળ થશે. વિશ્વમાં કાપડનો ટ્રેન્ડ જોઇને સેગ્મેન્ટ નકકી કરો અને ત્યારબાદ સારામાં સારી મશીનરી નાંખીને કપડાનું ઉત્પાદન કરો.

ફેશન ડિઝાઇનર શ્રી મનિષ રેશમવાલાએ જણાવ્યુ હતુ કે, સુરત પાસે ટેલેન્ટ છે પણ એ બાજુવાળો શુ કરે છે એ જોવામાં સમય બગાડી રહયો છે. વર્લ્ડનુ ફેશન ખૂબ જ ફાસ્ટ દોડી રહયુ છે. વર્લ્ડમાં અફોર્ડેબલ ગારમેન્ટની માંગ વધી છે. કવોલિટી એટલી બધી સારી બનાવો કે એની ઉપર કોઇ વાંધો ન લઇ શકે. મુંબઇના ટોચના બ્રાન્ડ સુરતના ફેબ્રિકસમાંથી ગારમેન્ટ બનાવે છે અને લાખો રૂપિયા વેચે છે. સુરતને ટ્રેન્ડ બદલવો પડશે. સુરતને બ્રાન્ડ બનવા માટે ઓરિજીનાલિટી ઉપર ફોકસ કરવો પડશે. કવાન્ટીટી કરતા કવોલિટી ઉપર ભાર મુકવો પડશે.

કાર્યક્રમમાં ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી પ્રફુલ્લ શાહે પ્રાસંગિક વિધી કરી હતી. જીએફઆરઆરસી કમિટીના એડવાઇઝર શ્રી મહેન્દ્ર કાજીવાલાએ વકતાશ્રીઓ તથા સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયુ હતુ.